નં.ટીપીડી/૭૯૫
તા.૩/૭/૨૦૦૭.

પ્રતિ,
મુખ્ય નગર નિયોજકશ્રી,
નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ,
ભોંયતળિયું તથા બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૪, જુનું સચિવાલય,
ગાંધીનગર.

વિષય :–સુચિત નગર રચના યોજના, સુરત નં. ૬૮ (પૂણા – સીમાડા) તૈયાર કરવા અંગે ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ–૪૧ (૧) હેઠળ પરામર્શ થઈ અનુમોદન મળવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ મોજે – ૬૮ (પૂણા – સીમાડા) વિસ્તાર ઝડપથી વિકસી રહેલ હોઈ, આ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવી જરૂરી હોઈ, ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ – ૪૧ (૧) હેઠળ સુચિત નગર રચના યોજના સુરત નં. ૬૮ (પૂણા – સીમાડા) અત્રેથી તૈયાર કરવા અનુમોદન થઈ આવવા સારૂ આપશ્રીના પરામર્શ માટે જરૂરી વિગતો સાદર કરેલ છે.

સુચિત નગર રચના યોજનાની ઉત્તરે ડ્રાફટ નગર રચના યોજના નં. ૩૮ (નાના વરાછા) તથા પ્રિલિમિનરી નગર રચના યોજના સુરત નં. ૨૦ (નાના વરાછા–કપાદ્રા) પૂર્વે : મોજે સીમાડાનો બાકીનો ભાગ તથા સુચિત નગર રચના યોજના નં. ૨૧ (સરથાણા – સીમાડા) દક્ષિણે : મોજે સીમાડા તથા પૂણાનો બાકી રહેતો ભાગ પશ્ચિમે નગર રચના યોજના નં. ૬૦ (પૂણા) નો સીમાડો આવેલો છે.

.1\g\TPD\Personal\ATP\D.M.PATEL\TP-68\scheme\DEP. LET.\7

સદરહું વિસ્તાર ઝડપથી વિકાસ થઈ શકે તેવો વિસ્તાર છે. જેથી સદર વિસ્તારના વિકાસ માટે સમયબધ્ધ આયોજન તાકીદે જરૂરી છે.

સદરહુ સ્કીમ વિસ્તારનું ક્ષેત્રફળ આશરે ૨૧૦.૦૦ હેકટર છે, જે સ્કીમના ક્ષેત્રફળની દષ્ટ્રિએ પણ યોગ્ય છે. સદરહુ સ્કીમ વિસ્તાર વિકાસ યોજનામાં મહત્તમ રીતે રહેણાંક ઝોન સ્થિત થયેલ છે.

આ સાથે સદરહુ (૧) સુચિત નગર રચના યોજના, સુરત નં. ૬૮ (પૂણા – સીમાડા) ની હદરેખા દર્શાવીને ૧ સે. મી. – ૮૦ મીટરના સ્કેલમાં ઈન્ડેક્ષ પ્લાન (૨) લાગુ સ્કીમની હદો દર્શાવતો નકશો (૩) સ્કીમ વિસ્તારનો સુડાનો મંજુર પુનરાવર્તિત વિકાસ યોજના નકશાનો વિભાગીય નકશો (૪) હયાત જમીન વપરાશ દર્શાવતા નકશો, ચેકલીસ્ટ તેમજ જરૂરી ઠરાવો સહિતની તમામ વિગતો ત્રણ નકલમાં સામેલ કરેલ છે. આ ઉપરાંત સુચિત નગર રચના યોજના વિસ્તારના સર્વે નંબરો દર્શાવતા વિલેજ મેપના પાર્ટ – પ્લાનની નકલ પણ સામેલ કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ, પ્રશ્નવાળી સ્કીમ બનાવવા અંગે ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ – ૪૧ (૧) હેઠળ પરામર્શ થઈ અનુમોદન થઈ આવવા વિનંતી છે.

બિડાણ :– ઉપર મુજબ

(પંકજ જોષી)
કમિશ્નર

નકલ સ. રવાના :– ઉપસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર પ્રતિ... જાણ સારૂ

નકલ સ. રવાના :– સીનીયર નગર નિયોજકશ્રી, સાઉથ ગુજરાત રીજીયોન, કોઠી કંપાઉન્ડ, વડોદરા, પ્રતિ... જાણ સારૂ

Personal\Assistant-Junior Engineer\G.M. PATEL\LETTER0R-COM/7